પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૮૪ | ૩ જુન, ૨૦૧૮, રવિવાર ; અ. જેઠ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**સટ્ટો રમ્યાની વાત અરબાઝે કબુલી**

અભિનેતા સલમાનખાનના ભાઈ અરબાજખાને આઈપીએલમાં સટ્ટો રમવા અને ૨.૭૫ કરોડ રૂપિયા હારવાની વાત કબુલી લીધી છે. બુકી સોનુ જાલાન સામે બેસાડીને અરબાજખાન સાથે પુછપરછ કરાઈ હતી.

**પં. બંગાળમાં વધુ એક ભાજપ કાર્યકર્તાની હત્યા**

પશ્ચિમ બંગાળના પુરુલિયા જિલ્લામાં વધુ એક ભાજપના કાર્યકર્તાનો મૃતદેહ મળી આવ્યો છે. અગાઉ પણ એક કાર્યકર્તાનો આવી જ રીતે મૃતદેહ મળી આવતા પોલીસે સીઆઈડી તપાસ શરૂ કરી છે.

**મધ્યપ્રદેશના ખેડૂતની આત્મહત્યા**

મધ્યપ્રદેશના બાલાઘાટમાં એક ખેડૂતે ઝેરી દવા પીને આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. દેવાના ડુંગર હેઠળ દબાયેલા આ ખેડૂતે આપઘાત કરતા ઠેર ઠેર ચર્ચાઓ થઈ રહી છે.

**બાગપતમાંથી હડપ્પા સંસ્કૃતિનુ કબ્રસ્તાન મળી આવ્યુ**

ઉત્તરપ્રદેશના બાગપતના સનોલી ગામ પાસેથી હડપ્પા સંસ્કૃતિનુ અત્યાર સુધીનુ સૌથી મોટુ કબ્રસ્તાન મળી આવ્યુ છે. જેમાંથી ૧૨૫ મૃતદેહો મળી આવ્યા છે. તેની સાથે કિમતી ચીજવસ્તુઓ પણ મળી આવી છે.

# ખેડૂતોનું ગામડા બંધનું આંદોલન યથાવત

## શાકભાજી, દુધ, ફળફળાદીની છુટક કિંમતોમાં વધારો નોંધાયો : કેન્દ્રની ખેડૂત વિરોધી નીતિ વિરૂદ્ધ ૧૦ દિવસના આંદોલનની શરૂઆત થયા બાદ ખેડૂતોએ શહેરો માટે પુરવઠો રોકી દેતા કિંમતોમાં વધારો થયો



નવી દિલ્હી,તા. ૨

ખેડુતોના દસ દિવસના ગામડા બંધના બીજા દિવસે આજે જીવન જરૂરી ચીજવસ્તુઓની સેવા પર પ્રતિકુળ અસર થઈ રહી હતી. ખેડૂતોના આંદોલને બીજા દિવસમાં પ્રવેશ કરતા પંજાબ, હરિયાણા સહિત જુદા જુદા રાજ્યોના મોટા શહેરોમાં દુધ અને શાકભાજીની કિંમતમાં તીવ્ર વધારો થયો હતો. મંડીઓમાં કૃષિ પેદાશોનો નવેસરનો પુરવઠો પહોંચી રહ્યો નથી. જેના પરિણામ સ્વરૂપે કિંમતો વધવાની શરૂઆત થઈ ગઈ છે. સરકારના નિયમો સામેના વિરોધમાં શાકભાજી, દુધ, અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓ ખેડૂતો જાહેર રસ્તાઓ ઉપર ફેંકી રહ્યા છે. સાથે સાથે શહેરોમાં સપ્લાય પણ રોકી ચુક્યા છે. ગઈકાલે ૧૦ દિવસના ખેડૂત આંદોલનની શરૂઆત થઈ હતી. જેના ભાગરૂપે કેન્દ્રની ખેડૂત વિરોધી નીતિઓના સામેના વિરોધમાં જુદા જુદા શહેરોમાં ખેડૂતો શાકભાજી, ફળફળાદી,

● અનુસંધાન પાન-૭ પર

## પેટ્રોલ-ડિઝલની કિંમતમાં વધુ ૯ પૈસાનો ઘટાડો

નવી દિલ્હી, તા.૨

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડાનો દોર હવે જારી રહ્યો છે. આજે સતત ચોથા દિવસે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૯ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. મોટા શહેરોમાં આ ઘટાડો ૯ પૈસાનો રહ્યો હતો. આજના ઘટાડાની સાથે પાટનગર દિલ્હીમાં પેટ્રોલની કિંમત હવે લીટરદીઠ રૂપિયા ૭૮.૨૦ થઈ ગઈ છે જ્યારે ડિઝલની કિંમત ઘટીને ૬૯.૧૧ થઈ ગઈ છે. અન્ય મેટ્રો શહેરોમાં સુધારવામાં આવેલી પેટ્રોલની કિંમતોની વાત કરવામાં આવે તો ક્રમશઃ કોલકતામાં ૮૦.૮૪, મુંબઈમાં ૮૭.૦૧, ચેન્નાઈમાં ૮૧.૧૯નો સમાવેશ થાય છે. આવી જ રીતે અન્ય મેટ્રો શહેરોમાં સુધારવામાં આવેલી ડિઝલની કિંમતોની વાત કરવામાં

આવે તો કિંમતો ક્રમશઃ કોલકતામાં ૭૧.૬૬, મુંબઈમાં ૭૩.૫૮, ચેન્નાઈમાં ૭૨.૯૭ થઈ ગઈ છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૩૦મી મે બાદથી ૨૩ પૈસા ઘટી ગઈ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



RAJVEE
FOOD CORNER
The Taste of Royal Essence

BIRTHDAY PARTY
SMALL GATHERING
OFFICE MEETING

LIVE KITCHEN





Our Knowledgeable staff & personalized catering will add a touch of class to your accession...

Shop No.1, Ground Floor, Pratik Mall, Near City Pulse, Kudasan, Gandhinagar.
Mobile : +91 90998 84444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in
For Banquet Inquiry : 89801 08444

SIDDHRAJ
INFRA PVT. LTD

FIND CONCURRENCE, TRANQUILLITY AND YOURSELF...




SAMPLE APARTMENT READY
visit by appointment only...

SIDDHRAJ Z+
A TROPICAL EXPERIENCE

6 Rooms Premium Living | Nr. Sargasan Cross Roads, Gandhinagar | Call: +91 97251 07999

RERA Registration No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA00869/301117